# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-05-2024** **Evening : 7.50 to 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---------------------------------------------------------------

- ✓ લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં આવતીકાલે 57 બેઠકો માટે મતદાન થશે.
- ✓ આરબીઆઇએ ભારતીય ચલણ રૂપિયા આધારિત એકાઉન્ટ ભારતની બહાર ખોલવાની મંજુરી આપી છે.
- ✓ બેંગલુરૂની મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અદાલતે સાંસદ પ્રજ્વલ રેવન્નાને 6 દિવસ એસ.આઇ.ટી.ની અટકાયતમાં રાખવાનો આદેશ આપ્યો છે.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇશાન ભારતના રેમલ વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કેન્દ્ર સરકાર વતી શક્ય તમામ સહાયની ખાત્રી આપી છે.
- ✓ ભારતના નિશાંત દેવે આ વર્ષે યોજાનારી પેરિસ ઓલિમ્પિક સ્પર્ધા માટે ક્વોલિફાય કર્યું છે.
- ✓ ભારતની ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ સિંગાપુર ઓપન બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની ડબલ્સની સેમીફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE.--ELECTION--SEVENTH-PHASE

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ સાથે આવતીકાલે ઓડિશા વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે.

આ તબક્કામાં 13 ઉત્તર પ્રદેશ અને પંજાબની 13-13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3, અને કેન્દ્ર શાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક માટે મતદાન થશે.

આ તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, કોંગ્રેસના નેતા વિક્રમાદિત્ય સિંહ, તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જી સહિત ઘણા અગ્રણીઓના રાજકીય ભાવીને ફેંસલો થશે.

આ ક્ષેત્રોમાં યોગ્ય અને પારદર્શી રીતે મતદાન સુનિશ્ચિત કરવા સંબંધિત મતદાન મથક વિસ્તારોમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એવી જ રીતે ચૂંટણી પંચે વ્યાપક વ્યવસ્થા કરી છે. મતદાન કેન્દ્રો પર શેડ, પાણી, રૅમ્પ, વ્હીલચેર તેમજ ઠંડા પીણા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આગામી ચોથી જૂને લોકસભાની તમામ બેઠકોની મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . . . . . .

# IT-ELECTION

આવકવેરા વિભાગે લોકસભાની યોજાઇ રહેલી ચૂંટણીમાં અત્યારસુધી વિક્રમજનક એક હજાર સો કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી જપ્ત કરી છે.

સત્તાવાર યાદી મુજબ વર્ષ 2019માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં જપ્ત કરાયેલી રોકડ અને જ્વેલરીની સરખામણીએ આ વખતની સંખ્યા 182 ટકાનો વધારો દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2019માં 390 કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી જપ્ત કરાઇ હતી.

. . . . . . . . . . . . . . . . .

## RBI---INR-TRADE

ભારતીય રિઝર્વ બેન્કે ભારતીય ચલણ રૂપિયા આધારિત ભારતની બહાર એકાઉન્ટ ખોલવાની મંજુરી આપી છે. ભારતીય ચલણ રૂપિયાના આધારે આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવા રિઝર્વ બેન્કે આ નિર્ણય લીધો છે.

આ નિર્ણયના ભાગરૂપે વિદેશમાં રહેતા ભારતીયોને ભારતીય રૂપિયા આધારિત ખાતા ખોલવાની  મંજુરી અપાશે. તેમજ આંતરરાષ્ટ્રીય દ્વિપક્ષીય વેપાર ભારતીય ચલણ આધારિત કરવા આ અંગેના નિયમોનું તાર્કીકીકરણ કરાશે.

રિઝર્વ બેન્કે તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે વિવિધ માર્ગદર્શિકાઓના તાર્કીકીકરણને અગ્રતા અપાશે. આના ભાગરૂપે વિદેશ વિનિમય વ્યવસ્થાપન ધારો અને બૃહદ આર્થિક પર્યાવરણ તૈયાર કરવામાં સતત સુમેળ સાધવા ઉપર ભાર મુકાશે.

. . . . . . . . . . . . .

## KARNATAKA-REVANNA-CUSTODY

કર્ણાટકના બેંગલુરૂની મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અદાલતે હસનના સાંસદ પ્રજ્વલ રેવન્નાને 6 દિવસ એસ.આઇ.ટી.ની અટકાયતમાં રાખવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે પ્રજ્વલ રેવન્ના ગઇકાલે મધરાતે બેંગલુરૂ વિમાનમથકે આવી પહોંચતા કર્ણાટક સરકાર દ્વારા રચાયેલી ખાસ તપાસ ટીમ – સીટ દ્વારા રેવન્નાની મહિલાઓની કથિત જાતીય સતામણીના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

ગત 27મી એપ્રિલે લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી બાદ પ્રજ્વલ રેવન્ના વિદેશ ગયો હતો.

....................................

# HM--REMAL-SITUATION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઇશાન ભારતના આસામ સહિત પાંચ રાજ્યોમાં રેમલ વાવાઝોડાના પગલે ઉભી થયેલી પરિસ્થિતિ અંગે સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરીને કેન્દ્ર સરકાર વતી શક્ય તમામ સહાયની ખાત્રી આપી છે.

શ્રી શાહે પાંચ રાજ્યોના મુખ્યમંત્રીઓ પાસેથી રેમલ વાવાઝોડાના પગલે ઉભી થયેલી પરિસ્થિતિ અંગે માહિતી મેળવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે  વાવાઝોડા અને વરસાદની ઘટનાઓમાં મૃત્યુ પામનારના પરિવારજનોને  સાંત્વના પાઠવી હતી, અને આવા બનાવોમાં ઇજા પામેલા ઝડપથી સ્વસ્થ થાય એવી પ્રાર્થના કરી હતી.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ રેમલ વાવાઝોડાના પગલે ઇશાન ભારતમાં ઘણા વિસ્તારોમાં ઉભી થયેલી મુશ્કેલ પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે, અને કેન્દ્ર સરકાર વતી તમામ સહાયની ખાતરી આપી છે. તેમણે કહ્યું કે સંબંધિત વિસ્તારોમાં અધિકારીઓ અસરગ્રસ્ત લોકોને જરૂરી સહાય પૂરી પાડી રહ્યા છે.

.................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

. . . . . . . . . . . . . .

# PARIS-OLYMPICS

ભારતના અને વિશ્વ બોક્સિંગ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતનાર નિશાંત દેવે આ વર્ષે યોજાનારી પેરિસ ઓલિમ્પિક સ્પર્ધા માટે ક્વોલિફાય કર્યું છે.

વિશ્વ બોક્સિંગ ક્વોલિફાય સ્પર્ધાની 71 કિલો વજન જૂથની ક્વાર્ટર ફાઇનલમાં નિશાંત દેવે મોલ્દોવાના વાસીલને 5-0 થી પરાજય આપતાં તે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલીફાય થયો છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ભારતની નિખત ઝરીન, લોવલીની બોર્ગોહેન અને પ્રિતીએ પેરિસ ઓલિમ્પિકમાં ક્વોલીફાય થયા છે.

. . . . . . . . . . . . . . . . .

## REV-SINGAPORE-BADMINTON-OPEN

ભારતની ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ સિંગાપુર ઓપન બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની ડબલ્સની સેમીફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ભારતની ત્રિશા અને ગાયત્રીની જોડીએ દક્ષિણ કોરિયાની કીમ સો યોઆંગ અને કોંગ યોંગની જોડીને ક્વાર્ટર ફાઇનલમાં 2-1 થી પરાજય આપીને સ્પર્ધાની સેમીફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

.................

## HEALTH-SECY-TOBACCO-DAY

દેશમાં તમાકુને કારણે થતાં રોગોના લીધે નીપજતા મૃત્યુ પૈકી 13 લાખ મૃત્યુ નિવારી શકાય તેવા હોય છે. અને આવા મૃત્યુના કેસોના કારણે દેશની આરોગ્ય વ્યવસ્થા ઉપર આર્થિક ભારણ વધી જાય છે.

કેન્દ્રીય આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ આજે દિલ્હીમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસના ખાસ કાર્યક્રમમાં બોલતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે દેશમાં

તમાકુના સેવનને રોકવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ સતત નિર્ણાયક પગલાં લઇ રહ્યાં છે.

શ્રી ચંદ્રાએ જણાવ્યું કે આ વર્ષે તમાકુના સેવનને રોકવા સરકારે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ ધારાને અસરકારક રીતે અમલમાં મુકવો તેમજ તમાકુના સેવનથી થતાં દુષ્પરિણામો અંગે લોકજાગૃતિ કેળવવી જેવા પગલાં સઘન બનાવ્યા છે.

.................

## IMD

દેશના વાયવ્ય વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો હોવા છતાં ગરમીનું મોજું હજી પણ યથાવત છે, જ્યારે પૂર્વ ભારતમાં તાજેતરમાં આવેલા રેમલ વાવાઝોડાના પગલે કેટલાક રાજ્યોમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક આર.કે.જેનમણીએ આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તાપમાનમાં સહેજ ઘટાડો થયો હોવા છતાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ઓડિશામાં હજી પણ ગરમીનું મોજું યથાવત છે.

દરમિયાન આસામના નવ જિલ્લાઓમાં ચક્રવાત રેમલ પછીના અનરાધાર વરસાદના પગલે પૂરની સ્થિતિ ગંભીર બની છે. રાજ્યની મુખ્ય નદીઓના જળસ્તર ભયજનક રીતે વધી રહ્યા છે. નવ જિલ્લાના લગભગ બે લાખ લોકો અસરગ્રસ્ત

બન્યાં છે, અને પૂરને લગતા બનાવોમાં બે વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યાં છે. **95** રાહત શિબિરોમાં **35** હજારથી વધુ લોકોએ આશ્રય લીધો છે. હાફલોંગ-બદરપુર રેલ માર્ગ પર ભૂસ્ખલનને કારણે ટ્રેન સેવાઓ રદ કરવામાં આવી છે.

એવી જ રીતે મણીપુરમાં પૂરને પગલે જનજીવન ઠપ્પ થયું છે. ઇમ્ફાલ શહેરમાં સૌથી વધારે અસર થઈ છે. પૂરને પગલે ત્રણના મોત થયાં છે, જ્યારે એક વ્યક્તિ લાપતા હોવાના અહેવાલ છે. અંદાજે ૪00 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે.

.................

# GDP-GROWTH

દેશનો જીડીપીનો વિકાસ દર ચાલુ નાણાકીય વર્ષ 2023-24માં 8.2 ટકા રહેવાનો અંદાજ છે. જે અગાઉના નાણાકીય વર્ષની સરખામણીએ 1.2 ટકાનો વધારો દર્શાવે છે. નાણાંકીય 2022-23માં જીડીપીનો વિકાસ દર 7 ટકા હતો.

કાર્યક્રમ અમલીકરણ અને સ્ટેટેસ્ટીક્સ મંત્રાલયની યાદીમાં જણાવ્યા મુજબ નાણાકીય વર્ષ 23-24 માં જીડીપીનું સ્તર 173 લાખ કરોડ રૂપિયાથી વધુ અંદાજવામાં આવ્યું છે.

.................